## નવસારી શહેરના પ્રથમ મેયરનો તાજ અશોક ધોરાજીયાના શિરે

**કેયુરી** દેસાઇ ડેપ્યુટી મેયર, શાસક પક્ષના નેતા નરેશ પુરોહિત, દંડક રાકેશ પટેલ



નવસારીઃ નવસારી મહાનગરપાલિકાની પ્રથમ સામાન્ય સભામાં ભાજપ શાસિત પાલિકાના મેયર, ડેપ્યુટી મેયર તેમજ વિવિધ સમિતિઓની રચના સાથે નવા શાસનની શરૂઆત કરવામાં આવી હતી.

વોર્ડ નં.2ના અશોક ધોરાજીયાની નવસારીના પ્રથમ મેયર તરીકે વરણી કરવામાં આવી હતી, જ્યારે વોર્ડ નં. 1ના કેયુરી દેસાઈને ડેપ્યુટી મેયરની જવાબદારી સોંપવામાં આવી હતી. શાસક પક્ષના નેતા તરીકે નરેશ પુરોહિતની નિમણૂક કરવામાં આવી હતી, જ્યારે દંડક તરીકે રાકેશ પટેલને જવાબદારી સોંપવામાં આવી હતી. સભામાં મહાનગરપાલિકાની સૌથી મહત્વપૂર્ણ ગણાતી સ્ટેન્ડિંગ કમિટીના 12 સભ્યને બિનહરીફ જાહેર કરવામાં આવ્યા હતા. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે મુકેશભાઈ અગ્રવાલની પસંદગી કરવામાં આવી હતી. અન્ય સભ્યોમાં કલ્પનાબેન કહાર, ધર્મેશભાઈ પટેલ, સુનિલભાઈ લાજેવાર, કિરણબેન બલ્લા, દિવ્યકાંતભાઈ પનારા, રોશનભાઈ વાઘવાણી, નીતુબેન શાહ, માધવીબેન શેઠ, ઉર્વેશભાઈ દેસાઈ, દીપકકુમાર પટેલ અને રીટાબેન પટેલનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ટ્રાન્સપોર્ટ કમિટી માટે પણ અઢી વર્ષના કાર્યકાળ માટે 8 સભ્યની બિનહરીફ વરણી જાહેર કરવામાં આવી હતી. જેમાં ભાવિનભાઈ નાયક, સુનિલભાઈ પાટિલ, આશિષભાઈ રાખોલિયા, મીનાક્ષીબેન નાયક, દિલીપસિંહ ભદોરીયા, મેવાભાઈ ચૌધરી, પ્રિયંકાબેન પટેલ અને રોશનીબેન મિસ્ત્રીનો સમાવેશ થાય છે.

## સોળસુંબામાં પાણીની ટાંકી જર્જરીત, લોકોના માથે જોખમ

**કરોડોના** ખર્ચ પછી પણ ઘણાં ગામોમાં પીવાના પાણીનો કકળાટ, તંત્ર નિદ્રાધીન



ઉમેશ સોલંકી

ઉમરગામઃ ઉમરગામના સોળસુંબામા જર્જરિત પાણીની ટાંકીથી લોકોના માથે અકસ્માતનું જોખમ તોળાઈ રહ્યું છે. વધુમાં ટાંકીના તિરાડમાંથી પાણી ટપકતું રહેતું હોય સમારકામ કરવા તંત્ર ઉદાસીન કેમ તે સવાલ લોકો કરી રહ્યા છે.

ઉમરગામ તાલુકામાં કરોડો રૂપિયાના ખર્ચે 40 ગામ પાણી પુરવઠા યોજના અમલમાં મુકવામાં આવી હતી. આટલા રૂપિયા ખર્ચાયા પછી પણ ઘણા ગામોમાં હજી સુધી પાણી પહોંચી શક્યું નથી. વધુમાં 12 ગામ પાણી પુરવઠા યોજનાની કામગીરી મંથરગતિએ ચાલી રહી છે. જેના કારણે ઉમરગામ તાલુકાના સોળસુંબા સહિત અનેક ગામોમાં પીવાના પાણીનો કકડાટ જોવા મળી રહ્યો છે. ઘણાએ ગામોમાં લાખો રૂપિયાના ખર્ચે ઘણા વર્ષોથી બનેલી પીવાના પાણીની ટાંકીમાં એકેય ટીપુ પાણી પડ્યું નથી. તેમ છતાં તંત્ર કેમ નિદ્રાંધીન રહે છે, એવા સવાલ લોકો પાણી પુરવઠા બોર્ડની કામગીરી સામે ઉઠાવી રહ્યા છે. ઉમરગામ સોળસુંબા પાણીની ટાંકી ટાંકીમાં તિરાડો જોવા મળી રહી છે અને તેમાંથી પાણી પણ સતત ટપકતું રહે છે. જર્જરીત પાણીની ટાંકીથી લોકોની સલામતી સામે પણ જોખમ તોળાઈ રહ્યું છે.

## વસતી ગણતરી કામગીરી: ‘વ્હાલા-દવલા’ની નીતિથી શિક્ષકો પરેશાન

**સિનિયર** શિક્ષકોને ધોમધખતા તાપમાં ફિલ્ડ વર્ક

**જુનિયરોને** સુપરવાઇઝર જેવી વગદાર અને ઓછી મહેનતવાળી કામગીરી સોંપાયાનો આક્ષેપ

### શિક્ષકોને ફરજિયાતપણે દૂરના ગામડાઓમાં જવા મજબૂર કરાયા

સ્થળ ફાળવણીમાં થયેલા આ વહીવટી સેટિંગ અંગે શિક્ષણ સંઘ દ્વારા પણ ઉચ્ચ કક્ષાએ ઉગ્ર રજૂઆતો કરવામાં આવી હતી. સંઘે માંગ કરી હતી કે શિક્ષકોને અન્યાય ન થાય અને નજીકના વિસ્તારો ફાળવવામાં આવે, પરંતુ કચેરીના બાબુઓના આંતરિક સેટિંગ આગળ શિક્ષણ સંઘની રજૂઆતો પણ નકામી સાબિત થઈ છે અને શિક્ષકોને ફરજિયાતપણે દૂરના અંતરિયાળ ગામડાઓમાં જવા મજબૂર કરાયા છે. સરકારી નિયમો અને કડક વલણને કારણે કોઈ પણ શિક્ષક કે સંગઠન ખુલ્લેઆમ સરકાર સામે બોલવાની હિંમત કરી શકતું નથી. નોકરી ગુમાવવાનો કે બદલીનો ડર શિક્ષકોને સતાવી રહ્યો છે. પરંતુ ઓફિસ કર્મચારીઓની મનમાની અને લાગવગશાહીને કારણે શિક્ષકોમાં અંદરથી ભારે આક્રોશ અને માનસિક ત્રાસની સ્થિતિ ઊભી થઈ છે.

વલસાડઃ વસતી ગણતરીની કામગીરીમાં ફરી એકવાર શિક્ષકોને જોતરવામાં આવતા રાજ્યભરના શિક્ષક આલમમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. આ કામગીરીની ફાળવણીમાં વહીવટી કર્મચારીઓ દ્વારા મોટા પાયે ‘સેટિંગ’ અને ‘વ્હાલા-દવલા’ની નીતિ અપનાવવામાં આવી હોવાના ગંભીર આક્ષેપો ઉઠ્યા છે, જેને કારણે શિક્ષકોમાં અંદરખાને ભારે કચવાટ અને આક્રોશની લાગણી વ્યાપી ગઈ છે.

મળતી માહિતી મુજબ, વસતી ગણતરીના ઓર્ડર બહાર પાડવામાં નિયમોનું સરેઆમ ઉલ્લંઘન થયું છે. વર્ષોનો અનુભવ ધરાવતા સિનિયર શિક્ષકોને ધોમધખતા તાપમાં ફિલ્ડ વર્ક એટલે કે વસતી ગણતરીના ઓર્ડર પધરાવી દેવાયા છે, જ્યારે ઓફિસના કર્મચારીઓ સાથે મેળાપીપણું કરીને કેટલાક જૂનિયર શિક્ષકોને સુપરવાઇઝર જેવી વગદાર અને ઓછી મહેનતવાળી કામગીરી સોંપી દેવામાં આવી છે. શિક્ષકોના જણાવ્યા અનુસાર, વસતી ગણતરી માટે ૩ દિવસની સઘન તાલીમ તો આપવામાં આવી હતી, પરંતુ તેમાં પણ વહીવટી તંત્રની કોઈ ચોક્કસ નીતિ દેખાઈ નહોતી. તાલીમ દરમિયાન પણ નિયમો અને સૂચનાઓમાં સતત ફેરફાર કરવામાં આવ્યા રાખતા શિક્ષકો ભારે મુંઝવણમાં મુકાયા હતાં. તંત્રના આવા અણઘડ આયોજનને કારણે કામગીરી શરૂ થાય તે પહેલા જ અરાજકતાનો માહોલ સર્જાયો છે. સૌથી મોટો આંચકો શિક્ષકોને તાલીમ પૂર્ણ થયા બાદ લાગ્યો છે. ટ્રેનિંગ દરમિયાન શિક્ષકોને જે વિસ્તારો કે સ્થળોએ વસતી ગણતરી કરવાની વાત કરવામાં આવી હતી, તાલીમ પૂરી થતાં જ તે આયોજન બદલી શિક્ષકોને તેમના ઘર કે શાળાથી તદ્દન વિરુદ્ધ દિશામાં આવેલા દૂર-દૂરના ગામોમાં કામગીરી કરવા માટેના ઓર્ડર સીધા SMS દ્વારા મોકલી દેવાયા છે.

## ધરમપુર આસુરાની રાજ ઉપહાર સામે મહિલા કર્મીઓનો વિરોધ

**પગાર** વધારા અને શોષણના આક્ષેપો સાથે કંપની બહાર બેસી વિરોધ નોંધાવ્યો

ધરમપુરઃ ધરમપુરના આસુરા સ્થિત રાજ ઉપહારની કેટલીક મહિલાએ પગાર વધારાના મુદ્દે કંપનીની બહાર બેસી વિરોધ દર્શાવ્યો હોવાની માહિતી મળી છે. આ વખતે પગાર વધારો થતો નથી અને શોષણના આક્ષેપની ચર્ચા ઊઠી હતી. કંપનીની બહાર બેસેલી મહિલાઓને લઈ મહિલા પોલીસ સહિત પોલીસ સ્થળ પર પહોંચી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ થયેલા આક્ષેપમાં ગયા વર્ષે પગાર વધારાનું કહ્યું હતું પણ કર્યો નથી. અને પાંચ વર્ષથી જોબ કરતા આવી રહેલા અને મેનેજમેન્ટ બોલે એ પ્રમાણે કરતા નથી તેમજ જેટલું કામ હોય એ પૂરું કરીએ છીએ. વધુમાં ગરમીમાં પંખા નીચે બેઠા હોય તો પણ બેસવા નથી દેવામાં આવતા એવો આક્ષેપ કરવાની સાથે પ્રોડકશન પૂરું કરતી અને મશીન ચલાવતી બહેનોનેએ મુજબનો પગાર આપવાની ચર્ચા પણ ઊઠી હતી. સંસ્થાના ટ્રસ્ટીએ મહિલાઓ સાથે ચર્ચા કરી છતાં નિરાકરણ નહીં આવ્યું હતું. ટ્રસ્ટી મહેશભાઈ ખોખાણીએ કહ્યું હતું કે, તમામ કર્મચારીઓ માટે સલામત અને રિસ્પેક્ટફૂલ વાતાવરણ જાળવવા પ્રતિબદ્ધ છીએ. એક કર્મચારીની સેવાઓ ફેક્ટરી કામગીરીમાં વિક્ષેપ પાડવાના પ્રયાસના કારણે સમાપ્ત કરવામાં આવી છે. હાલે 250 બહેનો પૈકી 200 બહેનો કામગીરી કરી રહી છે. વધુમાં તેમણે ખોટી માહિતીથી પ્રભાવિત ન થવા અને શાંતિ જાળવવા અપીલ કરી હતી.

## ગીતાનગર પોલીસ ચોકી પાસે ટ્રાફિક, રેલવેના મુસાફરોને મુશ્કેલી



વાપી રેલવે સ્ટેશન ઉપર ગીતાનગર પોલીસ ચોકી પાસે એક રસ્તો રેલવે અંડર પાસ તરફ જાય છે. આ રોડ ઉપર ટ્રાફિક વધુ હોય છે. ટ્રેનના મુસાફરોને રેલવે ફુટબ્રિજ પાસે ઉતરી આ રસ્તો ક્રોસ કરવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. પોલીસ તેમજ ટ્રાફિકનું નિયમન કરનારા જવાનો ગીતા પોલીસ ચોકીની સામે રસ્તા ઉપર ટ્રાફિક જામ નહીં થાય તેના પર ધ્યાન આપે છે. જ્યારે રેલવે સ્ટેશનથી ફુટ ઓવરબ્રિજ પરથી બહાર આવતા મુસાફરો માટે આ રસ્તો ક્રોસ કરવામાં ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. અહીં સ્પીડબ્રેકર મુકવાની પણ ખાસ જરૂર છે.

## વલસાડના વેજલપોર તળાવમાં નાહવા પડેલો કિશોર ડૂબી ગયો

**ફાયરની** ટીમે એક્વા સ્કેનરની મદદથી તેને શોધી કાઢ્યો, પરંતુ તેનો જીવ બચી ન શક્યો

વલસાડઃ વલસાડના છરવાડા તળાવમાં બાળકનું ડૂબી જવાના કારણે મોતની ઘટના બાદ હવે વેજલપોર ગામના નવા તળાવમાં નાહવા પડેલા કિશોરનું ડૂબી જવાથી મોત નીપજ્યું હતું. આ કિશોરને શોધવા ફાયરની ટીમે એકવા સ્કેનરનો ઉપયોગ કર્યો છે. જેના ઉપયોગથી સરળતાથી તેને શોધી શકાયો હતો.

વલસાડના વેજલપોર ગામે નવા તળાવમાં પ્રિત પ્રજાપતિ (ઉં.વ.14 રહે., લીલાપોર) નાહવા ગયો હતો. કોઈ કારણોસર પ્રિત તળાવમાં ડૂબી ગયો હતો. જેને શોધવા માટે વલસાડ ફાયર બ્રિગેડને તેની જાણ કરવામાં આવી હતી. જેના પગલે વલસાડ ફાયરની ટીમ પોતાનું એકવા સ્કેનર લઈને આવી હતી. જેનાથી તેમણે પ્રિતને તુરંત શોધી કાઢ્યો હતો, પરંતુ તેનો જીવ બચી શક્યો ન હતો. આ સંદર્ભે ફાયર વિભાગના ઓફિસર હરદીપે જણાવ્યું કે, ગુજરાત સરકાર દ્વારા તાજેતરમાં જ આ એકવા સ્કેનર આપવામાં આવ્યું છે. ખાસ કરીને આ સ્કેનર પુરની પરિસ્થિતિ માટે સજ્જ થવા માટે અપાયું છે. જેનો હાલ પહેલીવાર વલસાડમાં ઉપયોગ કરાયો છે.

## નવા આઈટી એક્ટમાં ક્રિપ્ટો કરન્સી સહિત ડિજિટલ ડેટાની તપાસ થશે

**ઇન્કમટેક્સના** 1961ના કાયદામાં ફેરફાર કરી આઇટી એક્ટ 2025 લાગુ કરાયો

વલસાડઃ ભારતમાં 64 વર્ષ બાદ સુધારો થઈ નવા આવેલા ઈન્કમટેક્સ એક્ટને ખૂબ સરળ બનાવાયો છે. જોકે, તેમાં આગામી યુગના ક્રિપ્ટો કરન્સી તેમજ અન્ય ડિજિટલ ટ્રાન્ઝેક્શનના ડેટા પર આઈટીની બાજ નજર રહેશે. જ્યારે સર્ચ થાય ત્યારે તેને ખાસ ધ્યાને લેવાશે. એવું વાપીમાં ઈન્કમટેક્સ વિભાગ દ્વારા વાપી ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન અને આઈસીએઆઈ વાપી બ્રાન્ચના સથવારે યોજાયેલા સેમિનારમાં જણાવાયું હતું. સુરતના ચીફ કમિશનર ડો. એન. સી. સ્વૈન અને વલસાડના પ્રિન્સિપલ કમિશનર ડો. અભય કુમાર ઠાકુરના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ સેમિનારમાં ભારતમાં ઈન્કમટેક્સનો ઈતિહાસ અને નવા એક્ટ અંગે ખૂબ સરળ રીતે સમજ આપી હતી.

આ સેમિનારમાં ઈન્કમટેક્સના આસિસ્ટન્ટ કમિ. ધર્મેન્દ્ર ટેકવાણીએ એક પ્રેઝન્ટેશન થકી આઈટી એક્ટ 2025માં થયેલા સુધારા અંગે વિસ્તૃત માહિતી આપતા જણાવ્યું કે, નવા એક્ટની ભાષા ખૂબ સરળ બનાવી છે. યુકેમાં આવક વેરાના કાયદામાં સુધારા માટે અંગ્રેજોને 12 વર્ષનો સમય લાગ્યો હતો. જ્યારે ભારતના અધિકારીઓએ આ કામ માત્ર બે વર્ષમાં કરી મોટી સિદ્ધી હાંસલ કરી છે. જૂના કાયદામાં 800 જેટલી કલમો હતી. જ્યારે નવા કાયદામાં તેમાં ઘટાડો કરી 536 કલમો જ રાખવામાં આવી છે. નવા કાયદામાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ તેમજ કરદાતાઓને તકલીફ ન પડે એ માટે તેમના સવાલોના જવાબ માટે એઆઈના અનેક ટુલ પણ બનાવાયા છે.

આ સેમિનારમાં નવા કાયદા અંગે પ્રતિભાવ આપતા જીજ્ઞેશ વસાણીએ જણાવ્યું કે, ઈન્કમટેક્સમાં રિટર્ન નહીં ભરવા તેમજ ટેક્સ ચોરીમાં સખત કેદના બદલે તેને સિવિલ કાયદો બનાવી સાદી કેદની જોગવાઈ પણ આવકારદાયક છે. સીએ જયપ્રકાશ શેઠિયાએ પણ આ કાયદાને આવકાર્યો હતો. આ સેમિનારમાં આઈસીએઆઈના પ્રેસિડન્ટ દિપીકા ગુટગુટિયાએ પણ આવકવેરા દ્વારા યોજાયેલા સેમિનારને આવકારી નવા કાયદાને આવકાર્યો હતો.

## વાપી મનપા માટે મેયર, ડે.મેયરના ભાજપે ફોર્મ લીધાં

**કોંગ્રેસ** તરફે ફોર્મ નહીં લીધા હોવાથી હવે માત્ર ભાજપના મેન્ડેટના આધારે બિનહરીફ જાહેરાત થશે

વાપીઃ વાપી મહાનગરપાલિકાની ચૂંટણી બાદ પહેલા મેયર તેમજ ડેપ્યુટી મેયરની ચૂંટણી માટે મંગળવારે માત્ર ભાજપ તરફથી ફોર્મ લેવામાં આવ્યાં હતા. જ્યારે કોંગ્રેસ તરફથી કોઈ ફોર્મ લેવાયા નહીં હોવાથી હવે ૨૮મીને ગુરુવારે ભાજપના મેયર, ડેપ્યુટી મેયર તેમજ કારોબારી ચેરમેન સહિત ૧૨ સભ્યની બિનહરીફ વરણી થશે.

વાપી શહેર ભાજપ પ્રમુખ મનિષ દેસાઈએ મંગળવારે હોદ્દેદારો માટેના ફોર્મ મેળવ્યા હતા. હવે ગુરુવારે સવારે ૧૧.૩૦ કલાકે મળનારી મનપાની પહેલી સામાન્ય સભામાં ભાજપ મોવડી મંડળ તરફથી જેના નામના મેન્ડેટ આવ્યા હશે તેના નામે સભામાં જ ફોર્મ ભરાવવામાં આવશે. ત્યાર બાદ મેયર, ડેપ્યુટી મેયર તથા કારોબારીના ૧૨ સભ્યને બિનહરીફ વિજેતા જાહેર કરાશે. જોકે આ સભામાં ભાજપ તરફથી શાસક પક્ષના નેતા તથા દંડકના નામના મેન્ડેટ પણ જાહેર કરાશે. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનની જાહેરાત પણ થશે. મોટે ભાગે સ્ટેન્ડિંગ કમિટીના ૧૨ સભ્યના નામમાં પહેલું જેનું નામ હોય તે ચેરમેન હોય તેવી પ્રણાલી છે. હવે ૨૮મીએ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સહિતના નામો જાહેર થશે. જોકે મંગળવારે કોંગ્રેસના ૧૧ કાઉન્સિલર પૈકી એક પણ કાઉન્સિલરે ફોર્મ લેવાની પણ તસ્દી નહીં લીધી તે વાત અચરજ પમાડે તેવી છે.

## વાપીમાં ફરી ઝરમર વરસાદ

વાપીઃ વાપી વિસ્તારમાં શનિવારના રોજ મળસ્કે ઝરમર વરસાદ થયા બાદ સોમવારે મધ્યરાત્રિએ વરસાદી છાંટણા થયા હતા અને મળસ્કે 3થી 3:30 વાગ્યાની આસપાસ ઝરમર વરસાદ થયો હતો. વરસાદને લઈ વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. દિવસભર વાદળોની સંતાકૂકડી અને કયારેક-કયારેક પવન ફૂંકાતો રહ્યો હતો અને સૂરજની સંતાકૂકડી ચાલી હતી. તેમ છતાં ગરમી તેજ લાગતી હતી. વાપીમાં જ્યાં-ત્યાં માર્ગો બનાવવાની કામગીરી ચાલી રહી છે. જો ચોમાસા પહેલાં આ કામગીરી પૂર્ણ નહીં થશે તો વાપીની જનતાને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડશે.

## વલસાડ જિ.પં.ના નવનિયુક્ત પ્રમુખે કાર્યભાર સંભાળ્યો

**પ્રમુખે** શુભેચ્છકોને બુકે નહીં પરંતુ નોટબુક લાવવા જણાવી પ્રેરણાદાયી કાર્ય કર્યું



વલસાડઃ વલસાડ જિલ્લા પંચાયતના નવનિયુક્ત પ્રમુખ હેતલબેન પટેલે મંગળવારે 12.39 ના શુભ મુહૂર્તે સાંસદ ધવલભાઈ પટેલ, જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ હેમંત કંસારાની ઉપસ્થિતિ વચ્ચે જિલ્લા પંચાયત પ્રમુખ તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો.

હેતલબેને ભારતીય સંસ્કૃતિનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડી પ્રથમ તેમના સાસુ-સસરાને પગે લાગી આર્શીવાદ મેળવી પ્રમુખની ખુરશી ઉપર બેસ્યા હતાં. પ્રમુખે શુભેચ્છકોને બુકે નહીં પરંતુ નોટબુક લાવવા અનુરોધ કરી પ્રેરણાદાયક ઉદાહરણ પૂરું પાડ્યું હતું. જેને લઈ શુભેચ્છકો નોટબુક લાવ્યા હતાં. જે જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને અપાશે.

વલસાડ જિલ્લા પંચાયતના ઈતિહાસમાં સૌથી વધુ શિક્ષિત પ્રમુખ બનેલા હેતલબેન પટેલે પત્રકારોને જણાવ્યું કે, તેમની પ્રાથમિકતા શિક્ષણ, મહિલા સશક્તિકરણ સહિત વિકાસના કામોને પ્રાથમિકતા આપવા સાથે કપરાડા તાલુકામાં પાણીની સમસ્યાને કાયમી ધોરણે દૂર કરવા તંત્ર સાથે સંકલન કરી સમસ્યા દૂર કરાશે.

આ પ્રસંગે વિશેષ ઉપસ્થિત રહેલા સાંસદ ધવલભાઈ પટેલે જણાવ્યું કે, જિ.પં.ના નવા પ્રમુખ ગોલ્ડ મેડાલિસ્ટ છે, પ્રાધ્યાપક હોવા ઉપરાંત ભાજપના સક્રિય કાર્યકર્તા પણ છે, એટલે આવનારા સમયમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વપ્નનું ભારત બનાવવા આપણે સૌ ટીમ વલસાડ તરીકે કામ કરી સહયોગ આપીએ.

## કુડો ચેમ્પિયનશિપમાં વલસાડની જશવીને ગોલ્ડ મેડલ



વલસાડઃ મહારાષ્ટ્ર ખાતે નેતાજી સુભાષચંદ્ર બોઝ બોયઝ મીલેટરી સ્કૂલ એન્ડ જૂનિયર કોલેજ ફુલગાવ હવેલી પુનેમાં 4th કુડો નેશનલ ચેમ્પિયનશિપ કપ 2026-27 ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેશભરના 1000 કરતાં વધારે સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ ટુર્નામેન્ટમાં વલસાડના બાળકોએ ભાગ લીધો હતો. જેમાં આ વર્ષે વલસાડની જશવી ભાનુશાલીએ અન્ડર ઈલેવન યર્સ (U-11 yrs) ગ્રુપ, -33 kgની કેટેગરીમાં ગોલ્ડ મેડલ જીત્યો છે. આ વર્ષ જેશવીનું સતત ચોથું વર્ષ હતું, જેમાં એણે નેશનલ લેવલે ગોલ્ડ મેડલ જીત્યો છે અને આ વર્ષે ગુજરાત રાજ્ય (75 total medals) બીજા ક્રમે આવ્યું છે.

## દમણના નમોપથ પર સર્જાયો ટ્રીપલ કાર અકસ્માત

**તમામ** કારચાલકોનો આબાદ બચાવ, લોકોએ ચાલકોને બહાર કાઢ્યા



દમણઃ સંઘપ્રદેશ દમણના નમોપથ પર ત્રણ કાર વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ બનાવમાં ત્રણેય કારચાલકોનો નાની મોટી ઈજા સાથે ચમત્કારીક બચાવ થયો છે.

મળતી માહિતી મુજબ 25 મે ના રોજ બપોરના સુમારે નાની દમણના નમોપથ પર મારૂતિ બલેનો કાર (નં. GJ 27 EA 7894), મારૂતિ એક્સ. એલ.6 કાર (નં. GJ 06 PN 8772) તથા અન્ય એક કાર વચ્ચે ટ્રીપલ ગંભીર અકસ્માત થયો હતો. બનાવને પગલે નમોપથ પર સ્થાનિક લોકોની સાથે પ્રદેશની સહેલગાહે આવેલા પર્યટકોની ભીડ એકત્ર થઈ જવા પામી હતી અને કારમાં ફસાયેલા કારચાલકોને ક્ષતિગ્રસ્ત કારમાંથી બહાર કાઢવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જે પ્રમાણે લોકોએ કારચાલકોને બહાર કાઢવાની કામગીરી કરી હતી એ દરમ્યાન કારચાલકો દારૂના નશામાં કારને હંકારી રહ્યા હતા તેવું જોવા મળ્યું હતું. જો કે ત્રણેય કારના ચાલકોને નજીવી ઈજાઓ સાથે તેમનો ચમત્કારીક બચાવ થવા પામ્યો હતો. જ્યાં તેમને નજીકની હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર હેતુ લઈ જવામાં આવ્યા હતાં. બનાવની જાણ દમણ પોલીસને થતાં પોલીસની એક ટીમ સ્થળ પર પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી. જો કે, આ ઘટનામાં ત્રણેય કારના ચાલકો વચ્ચે આંતરીક સમજૂતી થઈ જતાં પોલીસમથકે કોઈ પણ પ્રકારની સત્તાવાર ફરિયાદ દાખલ થવા પામી નથી. અગાઉ પણ નમોપથ પર અનેકો અકસ્માત સર્જાવા પામ્યા છે. જેમાં હાઈ સ્પીડની રફતાર સાથે બાઈક એન્ડ કાર ચેઝીંગ, સ્ટંટબાજી, ફૂટપાથ પર દારૂના નશામાં કાર હંકારવું, દેવકા ગાર્ડનની સીડી પર કાર ચઢાવવા જેવા અનેક બનાવો બનવા પામ્યા છે.

### કરોડોનો ખર્ચ છતાં વલસાડ નગરપાલિકાની ગંભીર બેદરકારી

## ગંદો-ઝેરી કચરો ભાગડાખુદ ગામમાં ઠાલવતા લોકોમાં રોષ

**અંબિકા** નદીના પૂરના પાણી ગામમાં ફરી વળે તેની સાથે આ ઝેરી કચરો પણ લોકોના ઘરમાં પહોંચી જશે



વલસાડઃ ચોમાસાની પૂર્વ તૈયારીના ભાગરૂપે વલસાડ નગરપાલિકા દ્વારા હાલ શહેરમાં પ્રિ-મોન્સૂન સફાઈ કામગીરી ચલાવવામાં આવી રહી છે. લાખો રૂપિયાના ખર્ચે શરૂ થયેલું આ સફાઈ અભિયાન હવે એક મોટા વિવાદનું કારણ બન્યું છે. વલસાડ નગરપાલિકા દ્વારા શહેરની ગટરો તેમજ ગંગલી ખાડીમાંથી કાઢવામાં આવતો અત્યંત દુર્ગંધ મારતો ગંદો કાદવ-કીચડ અને વેસ્ટ કચરો ટ્રેક્ટરો ભરીને નજીકના ભાગડાખુદ ગ્રામ પંચાયત હદમાં ઠાલવવામાં આવતા સ્થાનિકોમાં રોષ ફાટી નીકળ્યો છે. રહેણાંક વિસ્તારમાં કચરો ફેંકી રોગચાળો ફેલાવવાની આ ગંભીર બેદરકારી સામે ગામજનો અને તાલુકા પંચાયત સભ્યએ નગરપાલિકા સામે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.

વલસાડ નગરપાલિકા દ્વારા શહેરની ગંગલીખાડી સહિતની નાની-મોટી ગટરોની સફાઈ માટે ખાનગી એજન્સીને અંદાજે રૂ.75 લાખનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. નિયમ મુજબ, આ ગંદો અને દુર્ગંધયુક્ત કાદવ-કીચડ કોઈ બિનરહેણાંક અથવા અવાવરું જગ્યાએ મોટો ખાડો ખોદીને વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવાનો હોય છે. પરંતુ અહીં તમામ નિયમોને નેવે મૂકીને કોન્ટ્રાક્ટર દ્વારા આ અત્યંત જોખમી કચરો ઔરંગા નદી કિનારે વોર્ડ નં. ૨ માં આવેલા અને પૂરગ્રસ્ત ગણાતા પીચિંગ વિસ્તારમાં જાહેરમાં જ નાંખી દેવામાં આવ્યો છે.

ગંદકીથી ગામમાં ભયંકર રોગચાળો ફાટી નીકળવાનો ભય છે. જો ચોમાસામાં ઔરંગા નદીમાં પૂર આવશે, તો આ બધો જ ઝેરી કચરો પાણી સાથે લોકોના ઘરોમાં ઘૂસી જશે. આ કચરો અહીંથી તાત્કાલિક હટાવવામાં આવે તેવી સ્થાનિકોએ માંગ કરી છે.


આગથી અસરગ્રસ્ત માલસામાનનો નિકાલ
"એમ.એસ., એલ્યુમિનિયમ મેટલ પ્લેટ્સ, બિલ્ડિંગ સ્ટ્રક્ચરનો ભંગાર, પ્લાન્ટ અને મશીનરી તથા અન્ય નુકસાન પામેલો લાકડાનો સ્ટોક અને કોલસો"

મેસર્સ શ્રી ગીતા ટિમ્બર પ્લાયવુડની માલિકીના, આગથી અસરગ્રસ્ત એમ.એસ., એલ્યુમિનિયમ મેટલ પ્લેટ્સ, બિલ્ડિંગ સ્ટ્રક્ચરનો ભંગાર, પ્લાન્ટ અને મશીનરી તથા અન્ય નુકસાન પામેલા લાકડાના સ્ટોક અને કોલસાના નિકાલ માટે રસ ધરાવતા ખરીદદારો પાસેથી "કિલોગ્રામના આધારે", સખતપણે "જ્યાં છે ત્યાં"ના ધોરણે, વજન પ્રમાણેની વિગતવાર ક્વોન્ટિટી માટે ઈ-ઓક્શન ફોર્મ આમંત્રિત કરવામાં આવે છે. ઉપરોક્ત સામગ્રીનો બચેલો માલ નિરીક્ષણ માટે "C-24/7 અને C-24/8, રોડ નં. 1, સચિન ઉદ્યોગ નગર, મુ. અને પો. વાંઝ, સુરત, ગુજરાત - 394230" ખાતે પડેલો છે. જેનું નિરીક્ષણ અમારી ઓફિસ - મોબાઇલ: +91 96015 65994 અને શ્રી ધરમ સિંહ પટેલ - ફોનઃ +91 98253 82358 પાસેથી પૂર્વ એપોઇન્ટમેન્ટ લીધા પછી, 27/05/2026થી 03/06/2026 (બંને દિવસો સહિત) દરમિયાન કરી શકાશે.

ઉપરોક્ત ઈ-ઓક્શન 04/06/2026ના રોજ યોજાશે.

સંપર્કઃ સાલ્વેજ સોલ્યુશન્સ એન્ડ રિસાયકલર્સ (હરાજીકર્તા) 9601565994 / 82380 69950, સરનામું: FF 103 અર્પણ કોમ્પ્લેક્સ, નિઝામપુરા, વડોદરા, ગુજરાત 390024 ભારત.

www.salvagesolutions.co.in

ઈ-ઓક્શન ફોર્મ અને EMD સબમિટ કરવાની છેલ્લી તારીખ 03/06/2026 સાંજે 05:00 વાગ્યા પહેલા છે.



### જાહેર નોટીસ

આથી લાગતા-વળગતા તમામને હાલની આ જાહેર નોટીસથી જણાવવાનું કે, મોજેઃ ચંદ્રવાસણસુપા, તા. જી. નવસારીની સીમમાં આવેલ બ્લોક/સર્વે નં. ૬૭, ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦-૫૦-૫૬, આકાર રૂા. ૧૩.૯૫ પૈસા વાળી જમીન જે જમીન **સતિષકુમાર નાનુભાઈ આહિર** ના નામે ચાલી આવેલ છે. સદર જમીન **સતિષકુમાર નાનુભાઈ આહિર** નાએ **મધુબેન તે ગોપાળભાઈ મોરારભાઈની છોકરી (મધુમતીબેન છીબુભાઈ પટેલ) તથા ભગવતીબેન ખુશાલભાઈ પાસેથી વેચાણ દસ્તાવેજ નં. ૪૦૩૮ તા. ૦૭/૦૬/૨૦૧૯** ના રોજ વેચાણ રાખેલ હતી. જે સદર અસલ રજી. વેચાણ દસ્તાવેજ નં. ૪૦૩૮/૨૦૧૯ તા.૦૭/૦૬/૨૦૧૯ તથા તેની અસલ રસીદ કયાંક ગુમ થઈ ગયેલ છે.

સદર મિલકત સતિષકુમાર નાનુભાઈ આહિર નાઓએ તા. ૧૬/૦૪/૨૦૨૬ ના રોજ રજીસ્ટર વેચાણ દસ્તાવેજ નં. ૩૮૫૮/૨૦૨૬ થી ગોકુળભાઈ ગોવિંદભાઈ ઉકાણી નાઓને સદરહું મિલકત વેચાણ કરેલ છે. ઉપર જણાવેલ વર્ણન અને વિગતવાળી મિલકત અન્વયે હમારી પાસે ટાઈટલ કલીયર સર્ટીફીકેટ મેળવવા માટે તમામ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે. ઉપર જણાવેલ મિલકતનો અસલ ગુમ થયેલ રજી. વેચાણ દસ્તાવેજ નં. **૪૦૩૮/૨૦૧૯ તા. ૦૭/૦૬/૨૦૧૯** બાબતે અગર સદર મિલકત અન્વયે કોઈપણ ઈસમના ખાધાખોરાકી યા લીયનનાં હકકો યા ઈઝમેન્ટનાં હકકો સંસ્થાનાઓ, સહકારી, સરકારી કે ખાનગી બેંકોનો હકક, હિત, અધિકાર સમાયેલા હોય તો તે આ નોટીશ પ્રસિધ્ધ થયાના દીન-૭ માં જે તે વાંધા, હરકત, હકક, હિત, અધિકાર સંબંધે પુરાવા સહિત લેખીત રજુઆતો હમોને નીચે જણાવેલ સરનામે રજુ કરવી, જો નિયત સમયમાં કોઈપણ પ્રકારની રજુઆતો કરવામાં નહિં આવશે તો, મુદત વિતે ટાઈટલ કલીયર સર્ટીફીકેટ ઈસ્યુ કરીશું. ત્યારબાદ ઉપરોક્ત જણાવેલ મિલકત અંગે ભવિષ્યમાં મિલકતનાં ટાઈટલ અંગે કોઈની કાંઈપણ તર-તકરાર તથા વાંધા વચકા ચાલશે નહીં. જેની આથી જાહેર જનતાએ ગંભીર નોંધ લેવી.

**સતિષકુમાર નાનુભાઈ આહિર**
રહેવાસીઃ વચલુ ફળીયુ, મુ.પો. ચોવીસી, (કાછીયાવાડી), તા.જી. નવસારી

હમારી સુચનાથી,

તા. ૨૬-૦૫-૨૦૨૬

**કિરણ ભગુભાઈ પટેલ** (એડવોકેટ)
ચલમ ફળીયુ, મુ.પો. કસ્બાપાર, તા. જી. નવસારી. મો.: 99090 97429